# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-05-2024 Midday : 1.20 to 1.30

Day : Monday National News

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

************************************************

- ✓ પાચંમા તબક્કામાં 49 બેઠકો ઉપર થઇ રહ્યું છે શાંતિપૂર્ણ મતદાન. - સવારના 11 વાગ્યા સુધીમાં સરેરાશ 23.66 ટકા મતદાન. - ઓડિશાની વિધાનસભા માટે 21 ટકા મતદાન.
- ✓ છઠ્ઠા તબક્કાના મતદાન માટે વિવિધ પક્ષો દ્વારા ચૂંટણી પ્રચારમાં વેગ - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશામાં પ્રચાર કર્યો. તો સમાજપાર્ટી પાર્ટીના અખિલેશ યાદવ ઉત્તર પ્રદેશમાં કરશે ચૂંટણી પ્રચાર.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુરદર્શનને આપેલા ઇન્ટરવ્યૂમાં કહ્યું....દેશની મહિલા અર્થવ્યવસ્થાને બદલવાની ક્ષમતા ધરાવે છે
- ✓ ઇરાનના રાષ્ટ્રપતિ અને વિદેશમંત્રી સહિત તમામના હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોત, પ્રધાનમંત્રી મોદીએ શોક વ્યક્ત કર્યો.
- ✓ દેશના અનેક રાજ્યોમાં તીવ્ર ગરમીનું મોજું - તકેદારીના ભાગરૂપે પ્રભાવિત રાજયોમાં જાહેર અને ખાનગી શાળાઓ બંધ રાખવાનો નિર્ણય.

************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# FIFTH PHASE ELECTION

લોકસભાની ચૂંટણીના પાંચમા તબક્કામાં સવારના 11 વાગ્યા સુધીમાં અંદાજે 24 ટકા મતદાન થયું હોવાના પ્રાથમિક અહેવાલ સાંપડી રહ્યાં છે.

મતદાનનો આરંભ સવારે સાત વાગે થઇ ગયો હતો. શાંતિપૂર્ણ રીતે આજે શરૂ થયેલા મતદાનમાં 8 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 49 સંસદીય બેઠકો સામેલ છે. જ્યારે ઓડિશા વિધાનસભાના 35 વિધાનસભા મત વિસ્તારો માટે અત્યાર સુધીમાં 21 ટકા જેટલું મતદાન થયું હોવાના અહેવાલ છે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ 33 ટકા, ઉત્તર પ્રદેશ અને લડાખમાં 27 ટકા, ઝારખંડ 26 અને ઓડિશા, બિહાર અને ઝારખંડમાં 21 ટકા જ્યારે સૌથી ઓછુ મહારાષ્ટ્રમાં 16 ટકા મતદાનના અહેવાલ છે. બીજીતરફ આરામદાયક અને સુરક્ષિત વાતાવરણમાં મતદાન થાય તે માટે મતદારો માટે જરૂરી સુવિધા કરવામાં આવી છે.

પાંચમાં તબક્કામાં 8 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો પર મતદાન થઇ રહ્યું છે. તેમાં બિહાર, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઝારખંડ, મહારાષ્ટ્ર, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ. આ તબક્કામાં મુંબઈ, થાણે, લખનઉ જેવાં શહેરોમાં મતદાન શરૂ થયુ છે, સલામતીની સઘન વ્યવસ્થા વચ્ચે આ મતદાન ચાલું છે.

# Loksabha Campaign

લોકસભાની ચૂંટણીનાં છઠ્ઠા અને સાતમા તબક્કા માટે પ્રચારમાં તેજી આવી છે. આજે પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ ઓડિશાનાં પુરીમાં 2 કિલોમીટર લાંબો મેગા રોડ શો યોજ્યો હતો.

તેમણે પુરીના ગ્રાન્ડ ટ્રન્ક રોડ ખાતે રોડ શો માટે રવાના થતા પહેલાં શ્રી જગન્નાથ મંદિરમાં પ્રાર્થના કરી હતી. પ્રધાનમંત્રીએ આજે રાજ્યમાં અંગુલ અને કટક ખાતે જાહેર સભાને સંબોધી હતી. અહીં છઠ્ઠા તબક્કામાં મતદાન યોજાવાનું છે. આજે સાંજે શ્રી મોદી પશ્ચિમ બંગાળમાં ઝારગ્રામ અને તમલુકમાં જાહેર સભાને સંબોધશે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ ઉત્તરપ્રદેશમાં ત્રણ જાહેર સભાને સંબોધશે. શ્રી મોદી આજે સાંજે બે દિવસય માટે પટના જવા રવાના થશે.

દરમિયાન પ્રધાનમંત્રીએ આજે મતદારોને મત આપવા અપીલ કરી હતી. સોશિયલ મિડીયા પોસ્ટમાં શ્રી મોદીએ ખાસ કરીને મહિલાઓ અને યુવા મતદારોને તેમના બંધારણીય અધિકારનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તથા ઉત્તર પૂર્વ દિલ્હી મતવિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર કનૈયા કુમાર દિલ્હીમાં જાહેર સભાઓ સંબોધશે. દિલ્હીની તમામ સાત બેઠકો પર આ મહિનાની 25મી તારીખે મતદાન થશે.

# PM - INTERVIEW

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસે સમયાંતરે ભારતીય બંધારણનું અપમાન કર્યું છે.

દૂરદર્શન સમાચાર સાથેની એક મુલાકાતમાં, શ્રી મોદીએ કહ્યું, તેઓ બાબા સાહેબ આંબેડકર અને બંધારણ સભાના સભ્યો માટે આદર ધરાવે છે જેમણે એવું બંધારણ ઘડ્યું કે, એક ચા વેચનારને પ્રધાનમંત્રી બનવાની તક આપી.

તેમણે કહ્યું કે, તેમના માટે બંધારણ સરકાર ચલાવવા માટે માર્ગદર્શક છે. શ્રી મોદીએ કહ્યું કે, ઓડિશા, ઝારખંડ, બિહાર, બંગાળ અને પૂર્વી ઉત્તર પ્રદેશ જેવા દેશનો પૂર્વી ભાગ દેશનું ગ્રોથ એન્જિન બનશે. તેમણે કહ્યું કે, આજે ભારતની નારી શક્તિની ક્ષમતા સતત વધી રહી છે અને તેમની પાસે અર્થવ્યવસ્થાને સંપૂર્ણ રીતે બદલવાની ક્ષમતા છે.

શ્રી મોદીએ ડીડી ન્યૂઝ સાથે વાત કરતાં કહ્યું કે, તેમણે લઘુમતીઓ વિરુદ્ધ એક શબ્દ પણ બોલ્યો નથી. જો કે તેઓ કોંગ્રેસની વોટ બેંકની રાજનીતિના વિરોધમાં છે. શ્રી મોદીએ કહ્યું, બાબાસાહેબ આંબેડકર અને પંડિત જવાહરલાલ નેહરુ સહિત ભારતના બંધારણ નિર્માતાઓએ નિર્ણય લીધો છે કે ધર્મના આધારે અનામત આપવામાં આવશે નહીં.

# IRAN PRESIDENT DEATH

હેલિકોપ્ટર દુર્ઘટનામાં ઇરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસી અને વિદેશમંત્રી અબ્દુલ્લાહિયન સહિત તમામ લોકોના મોત થયું હોવાની પુષ્ટિ થઈ છે.

ઈરાનના સરકારી ટીવીએ જણાવ્યું કે, રાષ્ટ્રપતિ રઇસી અને ઈરાનના વિદેશ મંત્રી હુસૈન અમીર-અબ્દોલ્લાહિયનને લઈ જઈ રહેલું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત બન્યું હતું. ઇરાનના ઉત્તર વિસ્તારમાં ગાઢ ધુમ્મસને કારણે હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત બન્યુ હતું. રાષ્ટ્રપતિ રઇસી અઝરબૈજાનની મુલાકાત બાદ ઈરાન પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના ઘટી હતી.

આ ઘટનાની જાણ થતાં જ શોધખોળ શરૂ કરવામાં આવી હતી, પરંતુ અત્યંત દુર્ગમ વિસ્તારમાં આ હેલિકોપ્ટરનો કાટમાળ મળ્યો હતો. જે રીતે હેલિકોપ્ટરે હાર્ડ લેન્ડિંગ કર્યુ હતું તે જોતાં કોઇપણ જીવીત હોય તેવી આશા ધૂંધળી છે, જોકે ગાઢ ધુમ્મસને કારણે શોધખોળ અભિયાનમાં પણ અનેક મુશેકલી સર્જાઇ હતી. પરંતુ ત્યાર બાદ ભારે જહેમત બાદ દુર્ઘટના સ્થળની જાણકારી મળી હતી.

# PM IRAN SHOK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, તેઓ ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ. સૈયદ ઈબ્રાહિમ રઇસીના દુઃખદ અવસાનથી ખૂબ જ દુઃખી અને આઘાતમાં છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું, ભારત-ઈરાન દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવામાં તેમનું યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત દુ:ખના આ સમયમાં ઈરાનની સાથે છે.

આ ઉપરાંત વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે હેલિકોપ્ટર દુર્ઘટનામાં ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ. ઈબ્રાહિમ રઇસી અને વિદેશ મંત્રી હોસૈન અમીર-અબ્દોલ્લાહિયનના નિધન પર શોક વ્યક્ત કર્યો.

# IMD

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ માટે ઉત્તર પશ્ચિમ, પૂર્વ અને મધ્ય ભારતના મેદાનો પર તીવ્ર ગરમીની સ્થિતિ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે જણાવ્યું કે દિલ્હી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારમાં ગંભીર તીવ્ર ગરમીની સંભાવના છે. ગઈકાલે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ગુજરાત, પંજાબ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, મધ્ય પ્રદેશ, કેરળ અને તમિલનાડુમાં તીવ્ર ગરમીની સ્થિતિ જોવા મળી હતી. દિલ્હીના નજફગઢમાં દેશમાં સૌથી વધુ તાપમાન 47.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાષ્ટ્રીય રાજધાનીના મોટાભાગના વિસ્તારોમાં પણ મહત્તમ તાપમાન 45-47 ડિગ્રી સેલ્સિયસની રેન્જમાં નોંધાયું હતું, જે સામાન્ય શ્રેણી કરતાં ચારથી છ ડિગ્રી વધારે છે.

ઉત્તર પ્રદેશમાં, આગ્રામાં 47.7 ડિગ્રી સેલ્સિયસ સાથે બીજા ક્રમે સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે એમ પણ જણાવ્યું કે દક્ષિણપશ્ચિમ ચોમાસું માલદીવના કેટલાક ભાગો અને કોમોરિન વિસ્તાર, બંગાળની ખાડી, નિકોબાર ટાપુઓ અને દક્ષિણ આંદામાન સમુદ્રમાં આગળ વધ્યું છે.

ઉલ્લેખનીય છે કે, બુધવાર સુધી દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં ભારે વરસાદની સંભાવના છે. હિમાલયન વિસ્તાર પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ અને મેઘાલયમાં સમાન સ્થિતિ પ્રવર્તે તેવી સંભાવના છે. બુધવારની આસપાસ દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં લો-પ્રેશર વિસ્તાર સર્જાય તેવી શક્યતા છે.

## NOIDA SCHOOL

રાજ્યમાં તીવ્ર ગરમીની સ્થિતિને ધ્યાનમાં રાખીને, ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ અને નોઈડા સહિત કેટલાક રાજયોમા નર્સરીથી ધોરણ 8 સુધીના શાળાના વર્ગો બંધ કરવામાં આવ્યા છે. નોઇડામાં, આગામી આદેશ સુધી શાળા બંધ રહેશે, જ્યારે ગાઝિયાબાદમાં આ મહિનાની 25 તારીખ સુધી શાળા બંધ રહેશે.

# weather

તમિલનાડુના પ્રાદેશિક હવામાન કેન્દ્રે રાજ્યના ચાર જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે આજે જણાવ્યું હતું કે કન્યાકુમારી, તિરુનેલવેલી, થેની અને તેનકસીમાં આગામી બે દિવસ માટે રેડ એલર્ટ રહેશે.

આગાહીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે તે જ સમયગાળા દરમિયાન વિરુધુનગર, કોઈમ્બતુર, નીલગિરિસ અને ડિંડીગુલના અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડશે.